PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪/કવા–૦૧/૧૭–૧૮/ ૪૯૭૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મુકેશભાઈ ગોરધનભાઈ બોરડ,
ઠે. પીરના પીપળા પાસે,
ગામ: વાસાવડ
તા.ગોંડલ, જી. રાજકોટ
મો: ૯૮૭૯૪૦૦૬૧૪

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૪/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No.- 01 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૪/કવા-૦૧/૧૭-૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૧-૦૭-૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મુકેશભાઈ ગોરધનભાઈ બોરડ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી મુકેશભાઈ ગોરધનભાઈ બોરડ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

**: હુકમ :**

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી નુ, તા.૧૧-૦૧-૨૦૧૦ ના રોજ ની મુળ અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે તેમના પિતાશ્રી ના નામે, મુળ અરજી ટ્રાન્સફર થયેલ હતી. જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, તેઓને પીજીવીસીએલ તરફથી રૂ.૭,૮૫૩/- નુ તા.૨૫-૦૯-૧૬ ના રોજ ભાવપત્રક મળેલ હતુ. પરંતુ, તેઓની આર્થિક સ્થિતી નબળી હોય, આ ભાવપત્રક ની મંજુર કરાયેલ એવી મુદત ની સમયમર્યાદા ની છેલ્લી તા.૧૫-૧૨-૧૬ સુધી મા તેઓ ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરી શકેલ નથી. તેમજ, સદર ભાવપત્રક ની અંતીમ સમયમર્યાદા તા.૧૫-૧૨-૧૬ પહેલા, અને તા.૧૫-૧૨-૧૬ પછીના ૦૧ માસ બાદ, તેઓ શ્રી એ સદર ભાવપત્રક ની મુદત મર્યાદા વધારી આપવાની લેખીત અરજી, પીજીવીસીએલ ની કોઈપણ કચેરી મા અગાઉ આપેલ ન હતી. અને ફોરમ સમક્ષ ની, સવાલવાળી તા.૧૩-૦૬-૧૭ ની પ્રથમ એવી મુદત વધારા માટે ની અરજી, ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તેઓ આર્થિક રીતે નબળા અને અભણ ખેડુત છે. જેથી, તેઓ શ્રીની સદર વિનંતી માનવતા ના રૂએ માન્ય રાખી, જીવન નિર્વાહ માટે ના હેતુ નુ સદર નવા ખેતીવાડી વીજજોડાણ નુ ભાવપત્રક ની મુદત વધારાના ૦૯ માસ સુધી વધારી આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ને, ગામ:વાસાવડ ના સર્વે નંબર : ૩૦૪ પૈકી ૨ મા, મંજુર કરાયેલ નવા, ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ નુ, રૂ.૭,૮૫૩/- નુ ભાવપત્રક નં: ૧૫૦૭૧, તા.૧૫-૧૧-૧૬ થી અપાયેલ હતુ. જે ભાવપત્રક અરજદાર શ્રી ને ખરેખર મળી ચુકેલ હતુ. તે બાબત, અરજદાર શ્રી એ જ સ્પષ્ટ કરેલ છે. આ બાબતે, અરજદારે ભાવપત્રક ની પ્રથમ માસ ની મુદત, જે તા.૧૫-૧૨-૧૬ ના રોજ પુરી થતી હતી, તે મુદત મા, વધારો મેળવવા માટે ની, લેખીત અરજી, પીજીવીસીએલ મા, અંતીમ તા.૧૫-૧૨-૧૬ પહેલા આપેલ ન હતી. તે બાબત નો સ્વીકાર પણ, અરજદાર શ્રી એ કરેલ છે. તદ ઉપરાંત, ખાસ કરીને, નવા ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની સમયમર્યાદા, પુરી થયા પછી ના ૦૧ માસ બાદ પણ, અરજદાર શ્રી સદર ભાવપત્રકની સમયમર્યાદા મા, વધારો મેળવવા માટે ની લેખીત અરજી આપી શકે છે. પરંતુ, સદર ભાવપત્રક ની અંતીમ તા.૧૫-૧૨-૧૬ પછી ના, વધારાના ૦૧ માસ મા, એટલેકે તા.૧૫-૦૧-૧૭ પહેલા પણ, અરજદાર શ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, લેખીત અરજી પીજીવીસીએલ મા કરેલ નથી, પરંતુ, પ્રથમ વખત જ, ફોરમ સમક્ષ તા.૧૩-૦૬-૧૭ થી મુદત મર્યાદા વધારવા માટે ની પ્રથમ અરજી, જે ફોરમ સમક્ષ રજુ કરાયેલ હોવાની, બાબત પણ ખુદ અરજદારે જ સ્પષ્ટ કરેલ છે. આમ, સદર ભાવપત્રક ની મુદત ની તમામ નિયમાધીન મર્યાદાઓ પુરી થયા પહેલા, અરજદાર શ્રી એ સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની કોઈ લેખીત અરજી, અગાઉ પીજીવીસીએલ મા નોંધાવેલ ન હોય, જેથી, અરજદાર શ્રી નુ સદર ભાવપત્રક આપોઆપ રદબાતલ થયેલ છે, તેમજ તેને અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ |

| | |
|---|---|
| | તા.૧૧–૦૧–૨૦૧૦ ની અરજી પણ, આપોઆપ રદબાતલ થયેલ છે. આ બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| **૨.૨** | હવે, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર ભાવપત્રક ની પ્રથમ મુદત પુરી થયા તા.૧૫–૧૨–૧૬ પછી ના આશરે ૦૬ માસ બાદ, એટલેકે તા.૧૩–૦૬–૧૭ ના રોજ, '' તેઓ – આ સમયગાળા દરમ્યાન આર્થિક રીતે નબળા, અને બીમાર તેમજ વૃધ્ધ અને અસ્વસ્થ હોય'', હોવાના કારણોસર, નિયત સમયગાળા મા ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી શકેલ નથી. તેવુ કારણ દર્શાવી ને ફોરમ સમક્ષ જે, પ્રથમ જ એવી, તા.૧૩–૦૬–૧૭ ના રોજ ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, માનવતા ની રૂએ ની વિનંતી ની અરજી, તેઓ શ્રી એ, ફોરમ સમક્ષ રજુ કરેલ છે, તે અરજી, અત્યંત વિલંબીત સમયગાળા ની હોય, પીજીવીસીએલ ના નિયમાધીન માન્ય રાખવા યોગ્ય નથી. તે મુજબ નો, સદર કેઈસ મા અભિપ્રાય રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના મંજુર કરાયેલ એવા નવા ખેતીવાડી વીજજોડાણ ના, તા.૧૫–૧૧–૧૬ ના ભાવપત્રક ની રકમ ભરપાઈ કરવાની અંતીમ સમયમર્યાદા, તા.૧૫–૧૨–૧૬ પહેલા રકમ ભરપાઈ કરેલ ન હતી, તેમજ, તા.૧૫–૧૨–૧૬ પહેલા સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, પીજીવીસીએલ મા લેખીત અરજી પણ આપેલ ન હતી. તદ ઉપરાંત, ભાવપત્રક ની અંતીમ તા.૧૫–૧૨–૧૬ પુરી થયા પછી ના, પ્રથમ ૦૧ માસ ની સમયમર્યાદા પણ, મુદત વધારો મેળવવા માટે ની કોઈ લેખીત અરજી, પીજીવીસીએલ મા આપેલ નથી. પરંતુ, મુદત ની અંતીમ તા.૧૫–૧૨–૧૬ પુરી થયા પછી ના ૦૬ માસ બાદ, એટલેકે તા.૧૩–૦૬–૧૭ ના રોજ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, ફોરમ સમક્ષ ની આ તા.૧૩–૦૬–૧૭ ના રોજ ની, અરજદાર શ્રી ની, સવાલવાળી પ્રથમ લેખીત અરજી જ છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના, પીજીવીસીએલ ના નિયમાધીન નિયત કરાયેલ એવા, આખરી તા.૧૫–૧૨–૧૬ પહેલા, અરજદાર શ્રી એ, સદર ભાવપત્રક ની સમયમર્યાદા મા વધારવાની લેખીત અરજી પીજીવીસીએલ મા આપેલ નથી, પરંતુ, સદર ભાવપત્રક ની પ્રથમ મુદત પુરી થયા તા.૧૫–૧૨–૧૬ પછી ના ૦૬ માસ બાદ, એટલેકે તા.૧૩–૦૬–૧૭ ના રોજ, ફોરમ સમક્ષ, સવાલવાળી પ્રથમ જ અરજી આપેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની તા.૧૩–૦૬–૧૭ ના રોજ ની નોધાવેલ એવી, સદર ભાવપત્રક ની રકમ ભરપાઈ કરવા માટે ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, ફરીયાદી શ્રી ની અરજી, અત્યંત વિલંબીત સમયગાળા પછી ની, ફોરમ સમક્ષ રજુ કરાયેલ છે. જે, અરજી પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન સમયમર્યાદા અંતર્ગત ની તારીખ ની ન હોય, પરંતુ, નિયત સમયમર્યાદા ની તારીખ ની પછી ની હોય, સદર અરજી ફોરમ કક્ષાએથી ગ્રાહય રહેલ નથી. તે બાબત નો, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની, પીજીવીસીએલ ના નિયમાધીન અંતર્ગત ની બાબત અન્વયે ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની, તેમના મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ મા અપાયેલ ભાવપત્રક ની મુદત ની સમયમર્યાદા મા વધારો મેળવવા માટે ની, અરજદાર શ્રી ની અરજી, જે ફોરમ કક્ષાએથી માન્ય રખાયેલ નથી. આ બાબતે, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે